**મેડિકલ વેસ્ટ મગરો અને માછલીઓ માટે ઝેર સમાન સાબિત થાય તો જવાબદાર કોણ ?**

# જાંબુઆની નદીમાં મેડિકલ વેસ્ટ ખડકાતા જળચર જીવો માટે જોખમ ઊભું થયું

**મગરો** અને પશુઓના વસવાટવાળી નદીમાં જોખમી કચરો ઠાલવાતા પર્યાવરણ સામે ખતરો: જવાબદારો સામે કડક કાર્યવાહીની માંગ





(પ્રતિનિધિ) વડોદરા, તા.3

વડોદરા શહેરના પાદરે આવેલા જાંબુઆ ગામ પાસેથી પસાર થતી નદીમાં અજાણ્યા શખ્સો દ્વારા મોટા પાયે મેડિકલ વેસ્ટ ઠાલવવામાં આવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. આ ઘટનાને પગલે સ્થાનિક ગ્રામજનોમાં ભય સાથે ઉગ્ર રોષ જોવા મળી રહ્યો છે. નદીમાં વપરાયેલી સિરીંજ, ગ્લુકોઝની બોટલો, પાટા-પિંડી અને અન્ય જોખમી બાયો-મેડિકલ વેસ્ટના કારણે જાહેર આરોગ્ય અને પર્યાવરણ સામે મોટું જોખમ ઊભું થયું છે. જાંબુઆની આ નદી મગરો માટે કુદરતી આશ્રયસ્થાન ગણાય છે. આ ઉપરાંત, ગામના પશુપાલકો પોતાના ઢોર-ઢાંખરને પાણી પીવડાવવા માટે આ જ નદી પર નિર્ભર છે. નદીના પટમાં ફેલાયેલા આ ઝેરી કચરાને કારણે જળચર જીવો અને પશુઓના જીવ જોખમમાં મુકાયા છે. જો કોઈ પશુ ભૂલેચૂકે આ કચરાના સંપર્કમાં આવે અથવા દૂષિત પાણી પીએ, તો ગંભીર બીમારી ફેલાવવાની દહેશત વર્તાઈ રહી છે. સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર, કોઈ હોસ્પિટલ કે એજન્સી દ્વારા રાત્રિના અંધકારનો લાભ લઈને આ કચરો અહીં નાખવામાં આવ્યો હોઈ શકે છે. ગ્રામજનોએ આક્ષેપ કર્યો છે કે મેડિકલ વેસ્ટના નિકાલ માટે ચોક્કસ નિયમો હોવા છતાં તેનું સરેઆમ ઉલ્લંઘન થઈ રહ્યું છે. ખુલ્લામાં આવો કચરો ફેંકવો એ ગુનાહિત બેદરકારી છે. ચોમાસા પહેલા અથવા વહેતા પાણીમાં આ કચરો ભળશે તો રોગચાળો ફાટી નીકળવાની પૂરેપૂરી શક્યતા છે. “અમારી નદીમાં અચાનક આટલો બધો મેડિકલ વેસ્ટ ક્યાંથી આવ્યો તેની તપાસ થવી જોઈએ. અમારા ઢોર અહીં પાણી પીવે છે અને અહીં મગરો પણ રહે છે. આ ગંદકીથી આખું ગામ બીમાર પડી શકે છે.” ઘટનાની ગંભીરતાને જોતા ગ્રામજનોએ માંગ કરી છે કે પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ અને પાલિકાના આરોગ્ય વિભાગના અધિકારીઓ સ્થળ પર તપાસ કરે. નદીમાંથી આ કચરો સત્વરે દૂર કરવામાં આવે અને જે પણ હોસ્પિટલ કે લેબોરેટરી આ ગેરકાયદેસર કૃત્યમાં સામેલ હોય, તેમના લાયસન્સ રદ કરી કાર્યવાહી કરવા લોક માંગ ઉઠી છે.

**સામસામે ભયાનક ટક્કર બાદ માર્ગ પર ટ્રાફિક જામની સ્થિતિ**

# સાવલી-વડોદરા રોડ પર મંજુસર પાસે રિક્ષા અને બાઈક વચ્ચે ગમખ્વાર અકસ્માત: 3 ગંભીર

**ઈજાગ્રસ્તોને** સારવાર માટે વડોદરા ખસેડાયા

**પ્રાથમિક** દ્રષ્ટિએ વાહનોની ગતિ વધુ હોવાને કારણે ચાલકે કાબૂ ગુમાવ્યો હોવાનું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે



(પ્રતિનિધિ) વડોદરા, તા.3

સાવલી-વડોદરા રોડ પર મંજુસર ગામ નજીક આજે એક રિક્ષા અને મોટરસાયકલ વચ્ચે સામસામે ભયાનક અકસ્માત સર્જાયો હતો. આ દુર્ઘટનામાં ત્રણ વ્યક્તિઓને ઈજાઓ પહોંચી છે, જેમને તાત્કાલિક સારવાર અર્થે વડોદરાની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. પ્રાપ્ત વિગતો અનુસાર, સાવલી અને વડોદરાને જોડતા મુખ્ય માર્ગ પર મંજુસર ગામ પાસે પુરપાટ ઝડપે આવી રહેલી રિક્ષા અને બાઈક સામસામે અથડાયા હતા.

ટક્કર એટલી જોરદાર હતી કે રિક્ષા અને બાઈક બંનેને ભારે નુકસાન થયું હતું. અકસ્માતને પગલે ઘટનાસ્થળે લોકોના ટોળા ઉમટી પડ્યા હતા. આ અકસ્માતને કારણે સાવલી-વડોદરા રોડ પર લાંબો ટ્રાફિક જામ સર્જાયો હતો, જેના કારણે વાહનચાલકોને ભારે હાલાકી ભોગવવી પડી હતી.

ઘટનાની જાણ થતા જ સ્થાનિક પોલીસ કાફલો તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યો હતો. પોલીસે ઈજાગ્રસ્તોને હોસ્પિટલ મોકલવાની વ્યવસ્થા કરી હતી અને રસ્તા પરથી વાહનો હટાવી ટ્રાફિક હળવો કરાવ્યો હતો. હાલમાં પોલીસ આ મામલે ગુનો નોંધી અકસ્માત કેવી રીતે સર્જાયો તે અંગે વધુ તપાસ હાથ ધરી રહી છે. પ્રાથમિક દ્રષ્ટિએ વાહનોની ગતિ વધુ હોવાને કારણે ચાલકે કાબૂ ગુમાવ્યો હોવાનું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે. તપાસ બાદ સાચુ કારણ જાણવા મળશે તેવુ પોલીસ સૂત્રો દ્વારા જણાવાઈ રહ્યુ છે.

**MGVCLની બેદરકારી નિર્દોષ જનતાનો ભોગ લેશે?**

# મકરપુરામાં વીજ થાંભલાથી અકસ્માતનુ જોખમ વધ્યું



(પ્રતિનિધિ) વડોદરા, તા.3

વડોદરા શહેરના મકરપુરા વિસ્તારમાં આવેલા સાંઈબાબા મંદિર નજીક જીઆઈડીસી તરફ જતા માર્ગ પર વીજ થાંભલાની હાલત ગંભીર થઈ છે. જેના કારણે લોકોમાં અકસ્માતની ભીતિ સેવાઈ રહી છે. વિસ્તારના સ્થાનિક અક્ષય સિંહ જાદવે જણાવ્યું હતું કે, મુખ્ય રસ્તો છે. જ્યાં જીઆઈડીસી તરફ જતા ઘણા બધા લોકોની અવરજવર રહેતી હોય છે. ત્યારે, અહીંયા વીજ થાંભલાની હાલત એટલી કથડેલી છે. જો કોઈ ગાડીનો સામાન્ય ધક્કો વાગે તો આ થાંભલો પડી જાય તો જાનહાની, નુકસાન થાય તેવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે. પરંતુ તંત્ર ઘોર નિંદ્રામાં હોય તેમ લાગી રહ્યું છે. રોડ પર અહીંયા કામગીરી ચાલી રહી છે. રોડને ખોદીને પહોળો કરવામાં આવી રહ્યો છે, તો શું તંત્રની નજર પડી નહીં હોય. આ માર્ગ ઉપર ગટરો 1985 ના વર્ષથી બનેલી છે આ ગટરો ઉપરથી જે ભારદારી મશીનો ફેરવીને રસ્તો બનાવવામાં આવે છે, તેના કારણે આ ગટરોને પણ નુકસાન થઈ રહ્યું છે. ઉપરથી કોન્ટ્રાક્ટ જેને આપ્યો હતો, એને નહીં પાછા અન્ય કોન્ટ્રાક્ટરોને કોન્ટ્રાક્ટ આપીને ડબલ મલાઈ ખાઈને ભ્રષ્ટાચાર આચરી કમાણી કરી રહ્યા હોવાના આક્ષેપ પણ વિસ્તારના નાગરિકે કર્યા હતા.

**સ્માર્ટ સિટીના દાવાઓ પોકળ ,બ્યુટિફિકેશનના કરોડોના બજેટ ક્યાં ‘ઓગળી’ ગયા ?**

# તળાવને ફરતે જળકુંભીનુ સામ્રાજ્ય ઉભુ થતા ‘ગોત્રી તળાવ’ની દુર્દશાથી વિકાસના કામો પર પ્રશ્નાર્થ ચિહ્ન

**તળાવના** રિનોવેશન અને વોકિંગ ટ્રેક બનાવવાની વાતો માત્ર ભાષણો પૂરતી સિમીત રહી હોય તેવુ સ્પષ્ટ જણાય છે



(પ્રતિનિધિ) વડોદરા, તા.3

એક તરફ વડોદરાને ‘સ્માર્ટ સિટી’ બનાવવાના બણગા ફૂંકવામાં આવે છે, તો બીજી તરફ શહેરના પશ્ચિમ વિસ્તારની શાન ગણાતું ગોત્રી તળાવ આજે વહીવટી તંત્ર અને સ્થાનિક લોકપ્રતિનિધિઓની નિષ્ફળતાનું જીવતું જાગતું ઉદાહરણ બની ગયું છે. બ્યુટિફિકેશનના નામે માત્ર કાગળ પર ઘોડા દોડાવતા તંત્રની બેદરકારીને કારણે આજે આ રત્ન સમાન તળાવ કચરાપેટીમાં ફેરવાઈ ગયું છે. ગોત્રી તળાવની વર્તમાન સ્થિતિ જોતા એ પ્રશ્ન થાય છે કે અહીં પાણી છે કે ઘાસનું મેદાન ? આખા તળાવ પર લીલા ઘાસ (જળકુંભી) ની એવી તો ચાદર પથરાઈ ગઈ છે કે પાણી શોધવું મુશ્કેલ બન્યું છે.

વર્ષોથી જળકુંભી દૂર કરવાના કોન્ટ્રાક્ટ આપવામાં આવે છે, છતાં પરિસ્થિતિ ‘જૈસે થે’ છે. શું આ કોન્ટ્રાક્ટરોને અપાતા નાણાં પાણીમાં જઈ રહ્યા છે ? તળાવમાં ઠાલવવામાં આવતું ગંદું પાણી અને તેમાં જમા થયેલા કચરાને કારણે આસપાસના વિસ્તારોમાં માથું ફાટી જાય તેવી દુર્ગંધ ફેલાઈ રહી છે. સ્થાનિક રહીશોનું કહેવું છે કે, અમે સ્માર્ટ સિટીમાં રહીએ છીએ કે કોઈ નરકમાં, તે સમજાતું નથી. બારીઓ ખોલવી પણ મુશ્કેલ બની ગઈ છે. મચ્છરોનો ત્રાસ એટલો વધી ગયો છે કે રોગચાળો ફાટી નીકળવાની પૂરી ભીતિ છે. ચૂંટણી સમયે મોટા-મોટા વચનો આપનારા નેતાઓ અત્યારે ક્યાં ગાયબ છે ? કરોડોના બજેટની વાતો હવામાં ઓગળી ગઈ હોય તેમ લાગે છે. તળાવના રિનોવેશન અને વોકિંગ ટ્રેક બનાવવાની વાતો માત્ર ભાષણો પૂરતી જ સીમિત રહી ગઈ છે. ગોત્રી તળાવની આ દશા વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનની કાર્યક્ષમતા સામે મોટા પ્રશ્નાર્થ ચિહ્નો ઉભા કરે છે. હવે જોવાનું એ રહે છે કે તંત્ર જાગશે કે પછી ગોત્રી તળાવ કાયમી ધોરણે ગંદકીના ગંજ નીચે દટાઈ જશે.

**સુરત અને રાજસ્થાનમાં વિવિધ ગુનાઓ આચરી**

# ઘરફોડ ચોરીઓના ગુનામાં નાસતો ફરતો આરોપી ઝડપાયો

**ક્રાઈમ** બ્રાન્ચે સયાજીપુરા ગામ તરફ આવતા આરોપીને દબોચ્યો

(પ્રતિનિધિ) વડોદરા, તા.3

સુરત શહેર અને રાજસ્થાનના પાલી જીલ્લામાં કરેલ ઘરફોડ ચોરીઓના ગુનામાં સંડોવાયેલ અને નાસતો ફરતો રીઢા આરોપીને ક્રાઈમ બ્રાન્ચે ઝડપી પાડયો હતો. વડોદરા પોલીસ કમિશનર દ્વારા વિવિધ ગુનામાં નાસ્તા ફરતા હોય તેવા આરોપીઓને વહેલી તકે ઝડપી પાડવા માટેની સૂચના આપવામાં આવી હતી. જેના આધારે ક્રાઈમ બ્રાન્ચની ટીમના માણસો સાથે મિલ્કત સંબધી ગુનાઓ કરતા તેમજ મિલ્કત સંબધી ગુનાઓના કામે ધરપકડ ટાળવા માટે નાસતા ફરતા આરોપીઓની શોધ ખોળ કરવા વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. દરમિયાન મળેલી બાતમી આધારે સયાજીપુરા ગામ તરફથી આજવા રોડ પર વડોદરા શહેર તરફ ચાલતો ચાલતો આવી રહેલ છે અને અગાઉ મિલ્કત સંબધી ગંભીર ગુનાઓમાં પકડાયેલ ઈસમ અજય રમેશ મારવાડીને શોધી કાઢી આ શખ્સની મળેલ બાતમી આધારે તેમજ આ ઈસમ સંબંધેની ખાત્રી તપાસ દરમ્યાન આ ઈસમ સુરત શહેર અમરોલી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ ઘરફોડ ચોરીના ગુનામાં તેમજ રાજસ્થાન રાજ્યના પાલી જીલ્લામાં આવેલ સાદડી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ ચોરીના ગુનામાં સંડોવાયેલ હોવાનુ અને આ બન્ને ગુનાઓના કામે નાસતો ફરતો હોવાનુ જણાઈ આવ્યું છે.

આ પકડાયેલ નાસતા ફરતા આરોપી સામે કાયદેસરની કાર્યવાહી કરી સુરતના અમરોલી અને રાજસ્થાનના સાદડી પોલીસ સ્ટેશનમાં આ પકડાયેલ આરોપી બાબતે જાણ કરી વધુ તપાસ માટે સોંપવાની કાર્યવાહી છે.

**આરોપી દ્વારા ડ્રગ્સ મુકીને બે ભાઇને ફસાવામાં મહત્વની ભૂમિકા ભજવાઇ હતી**

# બહુચર્ચિત બોગસ નાર્કોટિક્સ ડ્રગ્સ કેસના આરોપી રમેશ પાર્થસિંહ નાયકની ડિસ્ચાર્જ અરજી રદ

**એનડીપીએસીનો** ગંભીર પ્રકારનો એડવોકેટ હિતેશ ગુપ્ત દ્વારા ધારદાર દલીલો કરાઇ

(પ્રતિનિધિ) વડોદરા, તા.3

વર્ષ 2006માં બહુચર્ચિત બોગસ નાર્કોટિક્સ ડ્રગ્સ કેસના વધુ એક આરોપી રમેશ પાર્થસિંહ નાયકની ડિસ્ચાર્જ અરજી એનડીપીએસના સ્પેશ્યલ જજ દ્વારા રદ કરી કરવામાં આવી છે. જેમાં એવી વિગત છે કે વર્ષ 2006માં પ્રકાશ જ્યોતિ પિલ્લાઈ અને તેમના ભાઈના ઘરે પોલીસ અધિકારીઓની મીલીભગત દ્વારા ઘરમાં ડ્રગ્સ મૂકવામાં આવ્યું હતું. આ જેમાં આરોપી રમેશ પાર્થસિંહ નાયક દ્વારા ખોટા સોગંધનામા કરી પ્રકાશ પિલ્લાઈ અને તેના ભાઈને ફસાવાની મહત્વની ભૂમિકા ભજવવામાં આવી હતી. જેમાં સરકાર તરફે પી.પી. એચ એલ ગુપ્તાએ દલીલો કરી અવુ જણાવ્યું હતું કે હાલનો ગુનો એનડીપીએસ એક્ટની ગંભીર કલમોને લગતો આવ્યો છે. અગાઉ આરોપી આવ્યો તેની સામે ખોટો ગુનો નોંધાયો હાવનું જણાતા સમરી દાખલ કરી હતી. આ ખોટો કેસ કરવામાં પોલીસવાળા સહિત તમામ લોકો પણ પાછળથી આરોપી બન્યા છે. પ્રકાશ પિલ્લાઇના ઘરમાં જે એડીપીસીએસનો મુદ્દામાલ મળી આવ્યો હતો તે પ્લાન્ટ કરવામાં આવ્યો અને જેમાં રમેશ નાયકની પણ ભુમિકા છે. ત્યારે આરોપીએ જે ડીસ્ચાર્જ અરજી દાખલ કરાવી છે તેને કોર્ટ દ્વારા ગુણદોષ પર કાઢી નાખવામાં આવી છે. ગંભીર પ્રકારનો કેસ હોય ટ્રાયલ ચલાવવી અનિવાર્ય છે તથા ચાર્જ ગ્રાઉન્ડ લેસ થાય તેમ નથી જેથી ડિસ્ચાર્જ એરજી નામંજૂર કરવા રજૂઆત કરાઇ છે. જેની સુનાવણી ગત 2 માર્ચના રોજ પ્રશાંત નરેન્દ્રકુમાર રાવલ સ્પેશિયલ એનડીપીએસ જજ તથા છઠ્ઠા એડિશનલ સેશન્સ જજ વડોદરા દ્વારા સરકારી તથા આરોપીના વકીલની દલીલોને ધ્યાનમાં રાખીને આરોપી રમેશ નાયકની હાલની ક્રિમીનલ પ્રોસિજર કોડની કલમ 227 અન્વેયની ડિસ્ચાર્જ અરજી નામંજૂર કરાઇ છે.

**રેલવે પાટાને ગેરકાયદેસર ઓળંગતા જણાશે તો કાર્યવાહી થશે**

# રેલવે પાટા ઓળંગવાની પ્રવૃત્તિ વિરૂદ્ધ આરપીએફનું જાગૃતિ અભિયાન

**871** વ્યક્તિઓ વિરૂદ્ધ કેસ નોંધી 13,000 નો દંડ વસૂલાયો



(પ્રતિનિધિ) વડોદરા, તા.3

પશ્ચિમ રેલવેના વડોદરા મંડળના જનસંપર્ક અધિકારી અનુભવ સક્સેના દ્વારા જણાવ્યા મુજબ આ અભિયાન હેઠળ રેલવે લાઈનની આસપાસ રહેનારા સ્થાનિક નિવાસીઓને રેલવે પાટા અનધિકૃત રૂપે ન ઓળંગવા માટે જાગૃત કરવામાં આવી રહ્યા છે. તેમનાથી વિનંતી કરવામાં આવી રહી છે કે રેલવે ટ્રેક ઓળંગતી વખતે ફક્ત અધિકૃત સમપાર ફાટક લેવલ ક્રોસિંગ અથવા નિર્ધારિત ફુટ ઓવર બ્રિજ/અંડરપાસનો જ ઉપયોગ કરે. જો કોઈ વ્યક્તિ રેલવે પાટાને ગેરકાયદેસર ઓળંગતા જણાશે, તો તેની વિરૂદ્ધ રેલવે અધિનિયમ, 1989 ની કલમ 147 હેઠળ કેસ નોંધીને કાયદા મુજબ દંડાત્મક કાર્યવાહી કરવામાં આવશે. ફેબ્રુઆરી 2026 દરમિયાન રેલવે સુરક્ષા બળ, વડોદરા મંડળ દ્વારા કુલ 871 વ્યક્તિઓ વિરૂદ્ધ કેસ નોંધવામાં આવ્યા અને તેમનાથી કુલ 13,000 નો દંડ વસૂલ કરવામાં આવ્યો હતો. જ્યારે, વડોદરા મંડળ દ્વારા રેલવેના પાટા નહિ ઓળંગવા અપીલ પણ કરી હતી.

**હપ્તો ન ભરી શકતા રિકવરી ઓફિસરે બ્લેકમેલ કરી વારંવાર બળાત્કાર ગુજાર્યાનો આરોપ**

# બેંક લોનની રિકવરીના બહાને મહિલાનું શોષણ, બે વર્ષ બાદ ન્યાયની લાગણી

**એડવોકેટ** ભાવિન વ્યાસની મધ્યસ્થીથી પીડિત મહિલાને માનસિક મુક્તિનો અહેસાસ

(પ્રતિનિધિ) વડોદરા, તા.4

બેંકો અને ખાનગી ફાઈનાન્સ કંપનીઓના રિકવરી એજન્ટોની દાદાગીરીના બનાવો દિવસે દિવસે સામે આવી રહ્યા છે. એવો જ એક ગંભીર અને સંવેદનશીલ બનાવ પ્રકાશમાં આવ્યો છે, જેમાં એક ખાનગી ફાઈનાન્સમાં નોકરી કરતા રિકવરી ઓફિસરે રૂ.10,000ના હપ્તા ન ભરી શકનાર મહિલાના ઘરે રિકવરીના બહાને જઈ શારીરિક શોષણ કર્યું હોવાનો આક્ષેપ છે. પીડિત મહિલાના જણાવ્યા મુજબ આરોપીએ તેને બ્લેકમેલ કરી છેલ્લા બે વર્ષ સુધી અલગ-અલગ સ્થળોએ બળજબરીપૂર્વક શોષણ કર્યું હતું. લાંબા સમયથી ચાલતી હેરાનગતિ અને માનસિક ત્રાસથી તૂટી ગયેલી મહિલાએ અંતે વડોદરાના વકીલ એડવોકેટ ભાવિન વ્યાસનો ઈન્સ્ટાગ્રામ મારફતે સંપર્ક કરી ન્યાયની આશાથી મદદ માગી હતી. એડવોકેટ ભાવિન વ્યાસ મહિલાને સાથે લઈ અમદાવાદના નારોલ પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ નોંધાવવા પહોંચ્યા હતા. પોલીસ કાર્યવાહી દરમિયાન આરોપી ફરાર થઈ ગયો હોવાનું જાણવા મળ્યું છે. આ દરમિયાન આરોપીની પત્ની, ત્રણ વર્ષની દીકરી તથા તેના સંબંધીઓ પોલીસ સ્ટેશન પહોંચ્યા હતા અને પીડિત મહિલાની સામે માફી માગી હતી. નાની બાળકીની સ્થિતિ જોઈ મહિલાએ માનવતા દાખવી લેખિત માફી સ્વીકારી હતી. આ ઘટનાપછી પીડિત મહિલાએ પોતાને ન્યાય મળ્યાની લાગણી અનુભવી છે. મહિલાએ જણાવ્યું કે તે દિવસ-રાત માનસિક ત્રાસ સહન કરી રહી હતી અને આત્મહત્યાના વિચારો પણ આવતા હતા, પરંતુ હવે તેને આ દુ:ખદ પરિસ્થિતિમાંથી મુક્તિ મળ્યાનો અહેસાસ થયો છે. એડવોકેટ ભાવિન વ્યાસનો આભાર વ્યક્ત માન્યો જેમણે 18 વર્ષના વકીલાત જીવનમાં અનેક મહિલાઓને આવા સંજોગોમાં કાયદાકીય માર્ગદર્શન આપી મદદ કરી હોવાનું પણ જણાવાયું છે.

**સ્માર્ટ સિટી વડોદરા કે ‘ભૂવા’ નગરી ? સ્માર્ટ સિટી વડોદરા કે ‘ભૂવા’ નગરી ?**

# કારેલીબાગના આર્યકન્યા વિદ્યાલય પાસે ભુવો પડ્યો


**વડોદરા** પાલિકાની નિષ્ફળતા, બેદરકારી અને ભ્રષ્ટાચારનું જીવતું-જાગતું પ્રમાણ છે



(પ્રતિનિધિ) વડોદરા, તા.3

વડોદરામાં રસ્તાઓની બિસ્માર હાલત અને વારંવાર પડતા ભૂવાઓ ચોક્કસપણે એક ગંભીર ચિંતાનો વિષય છે. સ્માર્ટ સિટીના દાવાઓ વચ્ચે જ્યારે કારેલીબાગ જેવા વિકસિત વિસ્તારમાં પણ વગર વરસાદે ભૂવો પડે, ત્યારે તંત્રની નબળી કામગીરી સામે પ્રશ્નો ઉઠવા સ્વાભાવિક છે. શહેરને ‘સ્માર્ટ સિટી’ બનાવવાના બણગાં ફૂંકતા સત્તાધીશોને સવાલ છે કે, શું આ જ તમારો સ્માર્ટ વિકાસ છે? હજુ તો ચોમાસું બેઠું પણ નથી, કોઈ વરસાદ પડ્યો નથી, છતાં રસ્તાઓ બેસી રહ્યા છે. આ દર્શાવે છે કે, રસ્તા બનાવવામાં વપરાતું મટીરિયલ તદ્દન હલકી ગુણવત્તાનું છે. એન્જિનિયરિંગમાં કોઈ ઠેકાણા નથી. કોન્ટ્રાક્ટરો અને અધિકારીઓની મીલીભગતથી જનતાના પરસેવાની કમાણીના ટેક્સના નાણાં સીધા ગટરમાં (અને ભૂવામાં) જઈ રહ્યા છે. આર્યકન્યા વિદ્યાલય જેવો ભરચક વિસ્તાર, જ્યાં હજારો વિદ્યાર્થીઓ અને વાહનચાલકોની અવરજવર હોય છે, ત્યાં આવો મોટો ભૂવો પડવો એ કોઈ મોટી દુર્ઘટનાને આમંત્રણ આપવા સમાન છે. શું પાલિકા કોઈનો જીવ જવાની રાહ જોઈ રહી છે? વારંવાર પડતા આ ભૂવાઓ સાબિત કરે છે કે વડોદરાના રસ્તાઓ હવે વાહન ચલાવવા માટે નહીં, પણ નસીબ અજમાવવા માટે છે. ભ્રષ્ટાચારની ગટર જ્યારે ઉભરાય, ત્યારે રસ્તાઓ પર આવા જ ભૂવા દેખાય. વડોદરાની જનતા હવે જાગી ગઈ છે. વિકાસના પોલા દાવાઓ નહીં, અમને સુરક્ષિત રસ્તા જોઈએ છે.

## મકરપુરા GIDCમાં ભુવો પડતા ટ્રક ગરકાવ !



વડોદરા શહેરમાં સ્માર્ટ સિટીના દાવાઓ વચ્ચે રસ્તાઓની બિસ્માર હાલત અને ઠેર-ઠેર પડતા ભુવાઓએ તંત્રની કામગીરીની પોલ ખોલી નાખી છે. શહેરના મહત્વના ગણાતા મકરપુરા GIDC વિસ્તારમાં આજે કરોડો રૂપિયાના ખર્ચે બનેલા મુખ્ય માર્ગ પર એકાએક મોટો ભુવો પડતા પસાર થઈ રહેલી એક ટ્રક તેમાં ફસાઈ ગઈ હતી. આ ઘટનાને પગલે સ્થાનિક રહીશો અને ઉદ્યોગકારોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. મકરપુરા GIDCમાં આવેલા મુખ્ય માર્ગ પરથી આજે સવારે માલસામાન ભરેલી એક ટ્રક પસાર થઈ રહી હતી. તે દરમિયાન અચાનક રોડ બેસી જતાં એક મોટો ભુવો પડ્યો હતો અને ટ્રકનું પાછળનું ટાયર તેમાં ગરકાવ થઈ ગયું હતું. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઇ નથી, પરંતુ ટ્રકને ભારે નુકસાન થયું છે. ઉદ્યોગિક વિસ્તાર હોવાથી અહીં ભારે વાહનોની અવરજવર સતત રહે છે, ત્યારે આ પ્રકારની ઘટના મોટી હોનારતને આમંત્રણ આપી શકે છે. વડોદરા હવે ધીરે ધીરે ‘ભુવાનગરી’ તરીકે ઓળખાવા લાગ્યું છે. “શું વડોદરાના સત્તાધીશો ક્યારેય નગરજનોને આ ખાડા અને ભુવાઓમાંથી મુક્તિ અપાવશે? ટેક્સ ભરતી જનતાને સલામત રસ્તા આપવાની જવાબદારી કોની?”

**કરોડિયા રોડના યુવક પાસેથી રૂ. 7.67 લાખ પડાવ્યાં**

# ગોલ્ડ લોન ક્લોઝ કરી આપવાના બહાને મિત્ર સહિત બેની ઠગાઈ, પોલીસે ઝડપ્યા

**માત્ર** રૂ. 1.45 લાખ પરત ચુકવ્યાં, બાકી રૂ. 6.22 લાખ બાકી

(પ્રતિનિધિ) વડોદરા, તા.4

વડોદરાના કરોડિયા રોડ વિસ્તારમાં રહેતા યુવકને ગોલ્ડ લોન ક્લોઝ કરી આપવાની લાલચ આપીને તેના મિત્ર સહિત બે શખ્સોએ રૂ. 7.67 લાખની ઠગાઈ કરી હતી. જેમાંથી માત્ર રૂ. 1.45 લાખ પરત આપ્યા હતા, જ્યારે બાકીના રૂ. 6.22 લાખ આજદિન સુધી ચૂકવ્યા નથી. યુવકે ફરિયાદ નોંધાવતા અકોટા પોલીસે ગણતરીના કલાકોમાં બંને આરોપીઓને ઝડપી પાડ્યા હતા. કરોડિયા વિસ્તારની હરસિદ્ધિ સોસાયટીમાં રહેતા ધવલ અરવિંદભાઈ બારીયા ડ્રાઈવિંગ શીખવાડે છે. તેનો મિત્ર મંથન રંજોડીયાએ જણાવ્યું હતું કે મિલિંદ મહેન્દ્ર જગતાપની ઓળખાણથી મૃથુટ ફાઇનાન્સમાંથી લેવામાં આવેલી રૂ. 5 લાખની ગોલ્ડ લોન સેટિંગથી ક્લોઝ કરાવી આપી દેશે. તેના બદલામાં પોતાના નામે મોબાઈલ લોન કરાવી આપવા કહ્યું હતું. યુવકે વિશ્વાસમાં આવી મંથન રંજોડીયા અને મિલિંદ જગતાપને રૂ. 1.44 લાખ અને રૂ. 1.55 લાખની બે મોબાઈલ લોન કરાવી આપી મોબાઈલ આપ્યા હતા. આ રકમમાંથી સેન્ટર પોઇન્ટ સામે આવેલી બેંક ઓફ બરોડાના ATM પરથી રૂ. 40 હજાર ઉપાડીને મંથને મિલિંદને આપ્યા હતા. તેમજ ઓનલાઇન ટ્રાન્સફર દ્વારા રૂ. 1.97 લાખ પણ મંથન દ્વારા મિલિંદને આપવામાં આવ્યા હતા. આ રીતે બંને આરોપીઓએ ગોલ્ડ લોન ક્લોઝ કરાવવાના બહાને મોબાઈલ લોન અને એપ્લિકેશન લોન મળીને કુલ રૂ. 7.67 લાખ પડાવ્યા હતા. જેમાંથી માત્ર રૂ. 1.45 લાખ પરત આપ્યા અને બાકીના રૂ. 6.22 લાખ પરત કર્યા નથી.

સાથે જ લોનથી લીધેલા બંને મોબાઈલ પણ તૃતીય વ્યક્તિને વેચી દીધા હતા.યુવકે અકોટા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગણતરીના કલાકોમાં બંને આરોપીઓને ઝડપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.